TG-FAME Series
(Target Group Financial Awareness Messages)
લક્ષ્ય જૂથ નાણાકીય જાગૃતિ સંદેશાઓ




# વરિષ્ઠ નાગરિકો માટે નાણાકીય સાક્ષરતા



## વરિષ્ઠ નાગરિકો

નાણાકિય સમાવેશન અને વિકાસ વિભાગ - ભારતીય રિઝર્વ બેંક

| **સંદેશ 1** |
| --- |
| પોન્ઝી સ્કીમ્સ અને કૌભાંડોથી સાવધ રહો |

| **સંદેશ 2** |
| --- |
| બેંકો અને બેંકિંગ લોકપાલ ને ફરિયાદ કેવી રીતે કરવી તે જાણો |

| **સંદેશ 3** |
| --- |
| એસ્ટેટ આયોજન સાધનો |

| **સંદેશ 4** |
| --- |
| જો તમે પેન્શનર છો, તો તમારી પાસે સ્મિત કરવા માટેનાં સારા કારણો છો. |

| **સંદેશ 5** |
| --- |
| નિવૃત્તિ પછીના જીવન માટે યોગ્ય રોકાણ પ્રોડક્ટ્સ |



## સંદેશ 1 : પોન્ઝી સ્કીમ્સ અને કૌભાંડોથી સાવધ રહો



## જાણ કરો અને નિયામકોને મદદ કરો

કૌભાંડની જાણ કરો

પોન્ઝી યોજનાની જાણ કરો

RBI, SEBI, IRDAI, NHB દ્વારા નિયંત્રીત થતી સંસ્થાઓ વિષે વધુ જાણો

તમારી ફરિયાદ ને ફાઇલ કરો અને ટ્રેક કરો

તમારી ફરિયાદને ફાઇલ કરો અને ટ્રેક કરો

सचेत

SLCCની એક પહેલ

www.sachet.rbi.org.in

વિવિધ ફાયદાઓ વિષે જાણો

બિન–નિયંત્રિત યોજનાઓ વિષે વધુ જાણો

તમારા નિયમનકારને મદદ કરો

## સંદેશ 2 : બેંકો અને બેંકિંગ લોકપાલને કેવી રીતે ફરિયાદ કરવી તે જાણો

### ફરિયાદ નિવારણ

**સ્ટેપ – 1**

તમારી બેંકને ઇ-મેઇલ અથવા ટોલ ફ્રી કસ્ટમર કેર નંબર મારફતે ફરિયાદ નોંધાવો

પ્રતિભાવ જાણવા માટે 30 દિવસ રાહ જુઓ

**સ્ટેપ – 2**

જો બેંક કોઇ પ્રતિસાદ ન આપે અથવા જો પ્રતિસાદ અસંતોષકારક હોય, તો બેંકિંગ લોકપાલનો સંપર્ક કરો. તમામ બેંકિંગ લોકપાલોના અધિકારક્ષેત્ર અને સંપર્કની વિગતો https://bankingombudsman.rbi.org.in

પરથી મેળવી શકાય છે. ઓનલાઇન, ઇમેઇલ અથવા પોસ્ટ દ્વારા બેંકિંગ લોકપાલને ફરિયાદ કરી શકાય છે.

લોકપાલ બેંક અને ગ્રાહક વચ્ચે સમાધાન લાવવાનો પ્રયત્ન કરશે અને જો પરસ્પર સંમતિથી સમાધાન શક્ય ન હોય તો લોકપાલ નિર્ણય લેશે અથવા હકીકતો અને તેમને સુપરત કરેલા દસ્તાવેજો પર આધારિત એવોર્ડ પસાર કરશે.

**સ્ટેપ – 3**

ગ્રાહક અમુક સંજોગોમાં લોકપાલ દ્વારા પૂરા પાડવામાં આવેલ ઉકેલથી ખુશ ન હોય તો એપેલેટ ઓથોરિટી સમક્ષ 30 દિવસમાં અપીલ દાખલ કરી શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) ના ડેપ્યુટી ગવર્નર એપેલેટ ઓથોરિટી છે.

## સંદેશ 3 : એસ્ટેટ આયોજન સાધનો

વરિષ્ઠ નાગરિકો માટે એસ્ટેટ આયોજન માટે ઘણાં સાધનો ઉપલબ્ધ છે. તે બધામાં સૌથી મહત્વપૂર્ણ 'નોમીનેશન' ગણાય છે, જો કે વિલ (WILL) નોમીનેશનને રદબાતલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| તમામ નાણાકીય પ્રોડક્ટ્સ, સેફ કસ્ટડી તથા સેફ ડિપોઝિટ વોલ્ટ માટે પણ ઉપલબ્ધ | દાવાઓની ઝડપી પતાવટમાં મદદ કરે છે અને કુટુંબના હયાત સભ્યો માટે મુશ્કેલીઓ ઘટાડે છે. | ખાતરી કરો કે નોમીનેશનની વિનંતી નોંધાયેલ છે. જ્યારે જરૂરી હોય ત્યારે નોમીનેશનને અપડેટ કરો. |

## અન્ય એસ્ટેટ આયોજન સાધનો

- ટ્રસ્ટ
- પાવર ઓફ એટોર્ની
- ગિફ્ટ
- પાર્ટીશન
- વિલ
- વારસાઇ
- જીવન વીમો

## સંદેશ 4 : જો તમે પેન્શનર છો તો તમારી પાસે સ્મિત કરવા માટેનાં સારા કારણો છે.

પેન્શન માટે અલગ ખાતું ખોલવાની જરૂર નથી




અન્ય શાખા કે બીજી બેંકમાં પેન્શન ખાતું ટ્રાન્સફર થઇ શકે છે.

પેન્શન પ્રાપ્ત કરવા માટે વર્તમાન ખાતાનો ઉપયોગ થઇ શકે છે.

દરેક વર્ષે નવેમ્બર માસમાં તમારી બેંક શાખામાં તમારું 'લાઇફ સર્ટિફિકેટ' પ્રસ્તુત કરવાનું યાદ રાખો અને સબંધિત બેંકમાંથી યોગ્ય સહીવાળી રસીદ પ્રાપ્ત કરી લો. જો પેન્શનર ગંભીર બીમારી/અસમર્થતા ને લીધે 'લાઇફ સર્ટિફિકેટ' આપવા માટે અસમર્થ હોય, તો બેંક અધિકારી 'લાઇફ સર્ટિફિકેટ' મેળવવાના હેતુસર તેના/તેણીના નિવાસસ્થાન/હોસ્પિટલની મુલાકાત લેશે.

**www.jeevanpramaan.gov.in** પર આધાર અને મોબાઇલ નો ઉપયોગ કરીને 'જીવન પ્રમાણ' - ડીજીટલ લાઇફ સર્ટીફીકેટ મેળવો.

## સંયુક્ત ખાતાઓ અને નિયત મુદત પહેલા થાપણોના ઉપાડની માહિતી

1. તમારા જીવનસાથી સાથે એક સંયુક્ત ખાતું જાળવી રાખવુ અને તમારા ખાતામાં નોમીનેશન રજિસ્ટર કરવું અથવા 'આઇધર ઓર સર્વાઇવર' અથવા 'ફોર્મર ઓર સર્વાઇવર' ની ઓપરેટિંગ સૂચના હોય તે સલાહભર્યુ છે.

2. જરૂર પડે તમારી ફીક્સ/મુદતી ડિપોઝિટને નિયત મુદત પહેલાં ઉપાડવા તમારે ખાતરી કરવી પડશે કે તમે ડિપોઝિટ બનાવવાના સમયે જ અથવા ડિપોઝિટની મુદત દરમિયાન કોઇપણ સમયે તે માટે બેંકને આદેશ આપ્યો છે.

3. જો તમે પાકતી મુદતે એફડીની રકમ માટે દાવો કરતા નથી તો ડિપોઝિટ બનાવવાના સમયે તમે જે સુવિધા પસંદ કરેલી હોય તે મુજબ બેંકો પ્રવર્તમાન દરે બીજી મુદત માટે ડિપોઝિટ આપોઆપ રિન્યુ કરી શકે છે.

## વૃદ્ધ / બીમાર / અસમર્થ વ્યક્તિઓ માટે બેંકની કામગીરી

1. જો તમે વૃધ્ધ, અસ્વસ્થ અથવા શારિરિક રીતે અશક્ત છો, તો તમે તમારા અંગૂઠાની છાપનો ઉપયોગ કરીને નાણાં ઉપાડી શકો છો. બેંકને જાણીતા હોય એવા બે સ્વતંત્ર સાક્ષીઓ દ્વારા અંગુઠાની છાપની ઓળખ થવી જોઇએ, જેમાંથી એક કોઇ જવાબદાર બેંક અધિકારી હોવો જોઇએ.

2. જો તમે તમારા અંગૂઠાની છાપ પણ મૂકી શકતા ન હો એવા સંજોગોમાં અને બેંકમાં શારીરિક રીતે હાજર પણ રહી શકતા ન હો તો ચેક/ઉપાડ ફોર્મ પર 'માર્ક' મેળવી શકાય છે જેની બે સ્વતંત્ર સાક્ષીઓ દ્વારા ઓળખ થવી જોઇએ, જેમાંથી એક કોઇ જવાબદાર બેંક અધિકારી હોવો જોઇએ.

3. બેંક તમને એ પણ પૂછી શકે છે કે ઉપર મુજબ મેળવેલ ચેક/ઉપાડ ફોર્મના આધારે બેંકમાંથી કોણ રકમ ઉપાડશે અને તે વ્યક્તિની બે સ્વતંત્ર સાક્ષીઓ દ્વારા ઓળખ થવી જોઇએ. જે વ્યક્તિ વાસ્તવમાં બેંકમાંથી પૈસા ઉપાડશે તેણે બેંકને તેની સહી આપવાની રહેશે.

## સંદેશ 5 : નિવૃત્તિ પછીના જીવન માટે યોગ્ય રોકાણ પ્રોડક્ટસ (ઉત્પાદનો)

### વરિષ્ઠ નાગરિક બચત યોજના



નિવૃત્ત વ્યક્તિઓ માટે વરિષ્ઠ નાગરિક બચત યોજના (એસસીએસએસ), 2004 ખૂબ જ સારો વિકલ્પ છે. એસસીએસએસ આકર્ષક વ્યાજ દર ઓફર કરે છે અને વ્યાજ ત્રિમાસિક ધોરણે ચૂકવવામાં આવે છે. પ્રાપ્ત વ્યાજ લાગુ દરે કરને આધીન રહેશે. વ્યક્તિ દીઠ ₹15 લાખ સુધીનું રોકાણ મર્યાદિત છે.

### ફીક્ષ ડીપોઝીટ



જેમની વાર્ષિક આવક ₹5 લાખ થી ઓછી છે તેમના માટે ફિક્સ્ડ થાપણો ખૂબ જ સારો વિકલ્પ છે કારણ કે તેઓ 5 ટકા ટેક્સ બ્રેકેટમાં છે. જેઓની વાર્ષિક આવક ₹5 લાખથી વધુ હોય તેમણે ફીક્ષ ડિપોઝિટ્સમાંથી મળતા વ્યાજની આવક પર 20% / 30% કર ચૂકવવો પડે છે.

### રીવર્સ મોર્ટગેજ (ગીરો)



જેઓ અપૂરતું નિવૃત્તિ ભંડોળ ધરાવે છે, પરંતુ પોતાનું ઘર છે તેમને રિવર્સ ગીરો વિકલ્પ નિવૃત્તિ પછી વધારાનો રોકડ પ્રવાહ પૂરો પાડવા માટે મદદ કરી શકે છે.

આ વિકલ્પ હેઠળની આવક કરમુક્ત છે અને તેથી નિવૃત્ત વ્યક્તિઓ માટે તે વધારાનો લાભ પૂરો પાડે છે.

### વાર્ષિક (એન્યુઈટી) યોજનાઓ



વીમા કંપનીઓ દ્વારા વાર્ષિકી યોજનાઓ ઓફર કરાય છે. તેઓ નિવૃત્ત વ્યક્તિઓ માટે પૂર્વાનુમાનિત રોકડ પ્રવાહ લાવે છે કારણ કે રોકાણના વળતરનો દર રોકાણના સમયે નક્કી થયેલો હોય છે. વાર્ષિકી ચૂકવણી મેળવવા માટે 5, 10, 15, વર્ષ માટે ફિક્સ્ડ ચુકવણીની શરતો, રોકાણ કરનારના મૃત્યુ પર ભંડોળ પરત કરવું, જીવનસાથીને જીવન પર્યંત વાર્ષિકીની ચુકવણી વગેરે જેવા ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે.

આનું ઉદાહરણ પોસ્ટ ઓફિસીસ અને બેંકો દ્વારા ઓફર કરવામાં આવતી માસિક આવક યોજના (એમઆઈએસ) છે જ્યાં પ્રાપ્ત થયેલી વાર્ષિકી (એન્યુઈટી) પર સ્લેબ ના દર પ્રમાણે કર લાદવામાં આવશે.

## આરબીઆઈ દ્વારા તાજેતરનાં પગલાં-વરિષ્ઠ નાગરિકો માટે બેંકિંગ સુવિધા

| | |
|---|---|
| સમર્પિત કાઉન્ટરો/વરિષ્ઠ નાગરિકો, વિકલાંગ વ્યક્તિઓને અગ્રતા | બેંકોને સ્પષ્ટપણે ઓળખી શકાય તેવું સમર્પિત કાઉન્ટર અથવા એવું કાઉન્ટર પ્રદાન કરવાની સલાહ આપવામાં આવી છે, કે જે દ્રષ્ટિહીન વ્યક્તિઓ સહિત વરિષ્ઠ નાગરિકો અને જે લોકો વિકલાંગ છે તેમને અગ્રતા આપતું હોય. |
| લાઇફ સર્ટીફિકેટ પ્રસ્તુત કરવામાં સરળતા | ''જીવન પ્રમાણ'' યોજના હેઠળ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટની સુવિધા ઉપરાંત પેન્શનરો પેન્શન ચુકવતી બેંકની કોઈપણ શાખામાં ભૌતિક લાઇફ સર્ટિફીકેટ ફોર્મ સુપરત કરી શકે છે. પેન્શન જમા કરવામાં થતા વિલંબને ટાળવા માટે પ્રાપ્તિકર્તા બેંકોએ કોર બેંકિંગ સોલ્યુશન (સીબીએસ) સિસ્ટમમાં તેને તરત અપડેટ કરવું જોઇએ. |
| ખાતાના દરજ્જાનું આપોઆપ રૂપાંતર | જન્મ તારીખ કે જે બેંકનાં રેકર્ડમાં જાળવવામાં આવે છે તેના આધારે કેવાયસી-સુસંગત એકાઉન્ટ્સ આપમેળે 'સિનિયર સિટિઝન એકાઉન્ટ્સ' માં રૂપાંતરિત થશે. |
| ફોર્મ 15G/H ફાઇલ કરવામાં સરળતા | બેંકોને સલાહ આપવામાં આવે છે કે વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગ વ્યક્તિઓ ને ફોર્મ 15G/H વર્ષમાં એકજ વાર (બને તો એપ્રિલમાં) ઉપલબ્ધ કરાવી તેમને નિયત સમયની અંદર રજૂ કરવા માટે સક્ષમ કરવા (જ્યાં લાગુ પડતુ હોય ત્યાં). |
| ઘર આંગણે બેંકિંગ | બેંકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ મૂળભૂત બેંકિંગ સુવિધાઓ, જેવી કે રોકડ અને રસીદ સામેના સાધનો એકઠા કરવા, એકાઉન્ટમાંથી ઉપાડ સામે રોકડની ચુકવણી, ડિમાન્ડ ડ્રાફ્ટસનું વિતરણ, કેવાયસી દસ્તાવેજો અને લાઇફ સર્ટિફિકેટ વિગેરે આવા ગ્રાહકોના સ્થળે/નિવાસસ્થાને પૂરી પાડવા સંયુક્ત પ્રયત્નો કરે. |

### ફોર્મ 15 G અને ફોર્મ 15 H

તમે ફોર્મ 15 H સુપરત કરી શકો છો જો તમે 60 વર્ષથી વધુ ઉંમરના હો અને તમારી પાસે PAN (કાયમી એકાઉન્ટ નંબર) હોય અને વર્ષ દરમ્યાન તમારી કુલ આવક પર ગણવામાં આવતો ટેક્સ શૂન્ય હોય. આવા કિસ્સાઓમાં, બેંકો આવકવેરા નિયમો, 1962 હેઠળ થાપણદારો પાસેથી ટીડીએસ કાપશે નહીં. ફોર્મ 15 H ની રજૂઆત સમયે તમારે તમારી બેંક પાસેથી સ્વીકૃતિ મેળવવી જ જોઇએ. ફોર્મ 15 એચ એ 60 વર્ષથી વધુ ઉમરની નિવાસી વ્યક્તિઓ માટે છે, જ્યારે ફોર્મ 15 G, 60 વર્ષથી ઓછી ઉંમરની નિવાસી વ્યક્તિઓ માટે છે. ફોર્મ 15 G માટે વધારાનો માપદંડ એ છે કે વર્ષ દરમ્યાન તમામ સ્રોતમાંથી કુલ વ્યાજની આવક તે વર્ષની મહત્તમ આવકવેરા મુક્તિ મર્યાદા કરતાં ઓછી હોય.

**દર વર્ષે 31 મી જુલાઇ પહેલાં તમારૂ ટેક્સ રિટર્ન ફાઇલ કરવાનું યાદ રાખો**

જો તમને રિટર્ન ફાઇલ કરવામાં કોઇ સહાયની જરૂર હોય, તો તમે www.trpscheme.com વેબસાઇટ પર ઇન્કમ ટેક્સ વિભાગ દ્વારા નિયુક્ત અધિકૃત કરવેરા રીટર્ન તૈયાર કરનારને લોકેટ કરી શકો છો.

**વધુ માહિતી માટે www.incometaxindia.gov.in ની મુલાકાત લો.**

## લક્ષ્ય વિશિષ્ટ નાણાકીય શિક્ષણ સામગ્રી

રિઝર્વ બેન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, શ્રી દિપક મોહંતીની અધ્યક્ષતા હેઠળ નાણાકીય સમાવેશના મીડીમય ટર્મ પાથ પરની સમિતિની ભલામણોમાંની એક, નાણાકીય શિક્ષણ માટેનો 'વન સાઇઝ ફીટસ ઓલ' અભિગમ આદર્શ કરતાં ઓછો હોઈ શકે છે કારણ કે વિવિધ લક્ષ્ય જૂથોને વિવિધ પ્રકારના નાણાકીય શિક્ષણની જરૂર છે, પરિણામે, સામગ્રીને વિવિધ લક્ષ્ય જૂથો માટે કસ્ટમાઇઝ કરવાની જરૂર છે.

ભારતીય રિઝર્વ બેંકનાં ધ ફાઇનાન્સિયલ ઇન્કલુઝન અને ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, પાંચ અલગ અલગ લક્ષ્ય જૂથો માટે વૈવિધ્યપૂર્ણ નાણાકીય સાક્ષરતા સામગ્રી સાથે આવ્યું છે એટલે કે ખેડૂતો, નાના સાહસિકો, સ્કૂલનાં બાળકો, સ્વ સહાય જૂથો (એસએચજી) અને વરિષ્ટ નાગરિકો. આ પુસ્તક વૈવિધ્યપૂર્ણ નાણાકીય સાક્ષરતા વિષયવસ્તુ પર પાંચ પુસ્તકોની શ્રેણીમાનું એક છે.

**ડિસ્કલેઇમર**

વાચકને નાણાકીય રીતે શિક્ષિત બનાવવાના હેતુથી આ પુસ્તક 'વાંચન અને શિક્ષણ સામગ્રી' તરીક રજૂ કરવામાં આવ્યું છે તેનો હેતુ કોઇ ચોક્કસ નાણાકીય ઉત્પાદન/સેવા અથવા સેવાઓના સંબંધમા નિર્ણય કરવા વાચકને પ્રભાવિત કરવાનો નથી.

**કોપીરાઇટ**

પ્રથમ આવૃત્તિ - એપ્રિલ 2018

સ્ત્રોતનો સ્વીકાર કરવામાં આવે તો પુનઃપ્રકાશનની પરવાનગી છે.

**લિખિત અને પ્રકાશિતઃ**

નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ

ભારતીય રિઝર્વ બેંક

10 મો માળ, કેન્દ્રીય કાર્યાલય ભવન,

શહીદ ભગતસિંહ માર્ગ,

ફોર્ટ-મુંબઇ

**સ્વીકૃતિઓ**

ડિઝાઇનઃકૌશિક રામચંદ્રન

**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ**
**ભારતીય રિઝર્વ બેન્ક**
**10 મો માળ, કેન્દ્રીય કાર્યાલય ભવન,**
**મુંબઇ 400001, ભારત**